Extra No. 328

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] THURSDAY, SEPTEMBER 11, 2025 / BHADRA 20, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:

(૧) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણાના પત્ર નં. ૧૨૩/એસ.બી. ૧/વશી.૨૪૬૨/૨૦૨૫, તા.૨૨.૦૮.૨૦૨૫.

(૨) પો.મનિ. અને મુ.પો.અધિશ્રી ગુ.રા.ગાંધીનગરના પત્ર ક્રમાક: એફ/ટે-૩/ફાયરીંગ બટ/પુન:વહેચણી/૭૪૭/૨૦૨૫, તા. ૦૭.૦૭.૨૦૨૫

(૩) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના પત્ર નં. વહટ/સીબી-૬/ફાયરીંગબટ/અભિપ્રાય/૧૦૧૭૮/૨૦૨૫, તા. ૦૩.૦૯.૨૦૨૫

હુકમ

સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયેનો

નં.ડી.સી./પી.ઓ.એલ./વશી/૭૨૯/૨૦૨૫.-અરવલ્લી જિલ્લાનાં ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ગામના સ. નં. ૪૮/બ/૨ માં ફાયરીંગ બટ આવેલ છે. સદર બટમાં મહેસાણા જિલ્લાના ફરજ બજાવતા પોલીસ અધિકારી/કર્મચારીઓને વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટિસ કરવાનું પો. મનિ. અને મુ. પો. અધિશ્રી ગુ. રા. ગાંધીનગરના તા. ૦૭.૦૭.૨૦૨૫ ના પત્રથી જણાવવામાં આવેલ છે. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણાના સંદર્ભ-૧ ના પત્રથી આ બટ વિસ્તારની હદમાં રહેતા આજુબાજુના પ્રજાજનોની સલામતી જાળવવા માટે સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ અન્વયે તા. ૦૧/૦૯/૨૦૨૫ થી તા. ૩૦/૦૯/૨૦૨૫ સુધી અમલમાં રહે તે રીતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના સંદર્ભ-૩ના પત્રથી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા બાબતે "હકારાત્મક" અભિપ્રાય આપેલ છે.

આથી હું પ્રશસ્તિ પારીક, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી જિલ્લો, મોડાસા સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૪) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ખાતેના બટ ઉપર મહેસાણા જિલ્લાના ફરજ બજાવતા પોલીસ અધિકારી/કર્મચારીઓને વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ કરવા માટે ઉકત બટ વિસ્તારની જમીનની આજુબાજુના ૧.૬ કિ.મી.ની ત્રિજયાના વિસ્તારમાં કોઈ પણ વ્યક્તિએ જાહેરનામાની પ્રસિધ્ધિની તારીખથી તા. ૩૦/૦૯/૨૦૨૫ સુધી સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો કે કરાવવો નહીં તેમજ ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંખર લઈને પ્રવેશ કરવો કે કરાવવો નહીં.

વધુમાં ફરમાવું છું કે આ જાહેરનામાથી સ્થાનિકો અવગત થઈ શકે તથા અકસ્માત નિવારી શકાય તે માટે પોલીસ ખાતા દ્વારા પ્રચાર બોર્ડ મૂકવા તથા ફાયરીંગના સમય દરમિયાન ચોકી/નાકા બંધી કરવી.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અનેભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમનો ભંગ કરનાર સામે ફરીયાદ માંડવા ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસહેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તાધિકારીઓને આથી અધિકૃત કરવામાં આવે છે. બિનઅધિકૃત પ્રવેશથી જો કોઈ નુકશાન થશે તો કોઈ પણ પ્રકારના વળતરને પાત્ર રહેશે નહીં.

આજ તા. ૧૦/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 16:31:48 IST